# શહેરમાં ગણપતિબાપાની મૂર્તિઓની માંગ વધી

## ગણેશોત્સવ નજીક આવતા ગણપતિની મૂર્તિઓનું વેચાણ વધવા લાગ્યું : ગણપતિની મૂર્તિઓ બનાવતો ગાંધીનગરનો પરિવાર દિવસ-રાત કામમાં જોતરાયો

ગાંધીનગર, તા. ૫

ગણેશોત્સવને હવે થોડા દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ગણેશ પ્રતિમાઓ વેચાશે કે કેમ એની ચિંતા મૂર્તિકારોને સતાવી રહી છે. કોરોના મહામારીના કારણે દોઢ વર્ષ બાદ ગણેશોત્સવ ઉજવવા માટે શહેરીજનો થનગની રહ્યાં છે. જેમાં સરકારે આ વર્ષે ફક્ત ચાર ફૂટની ગણેશ પ્રતિમાઓના સ્થાપનાની મંજૂરી આપતા મોડે-મોડે ગણેશ મંડળો માટીની ગણેશ પ્રતિમાઓ બનાવડાવવા મૂર્તિકારો પાસે પહોંચી રહ્યા છે. પરંતુ સમય ઓછો હોવાથી માટીની પ્રતિમા બનાવવી મૂર્તિકારો માટે ચેલેન્જરૂપ બન્યું છે.

બંગાળની માટી સહિત માલ સામાનના ભાવો વધવાથી મૂર્તિના ભાવ પણ વધ્યાં છે. ચાર ફૂટની પ્રતિમા ગણેશજીની પ્રતિમા અગાઉ ૭ થી ૮ હજારમાં મળતી હતી, એ જ પ્રતિમા ૧૦ થી ૧૫ હજારમાં આ વર્ષે મળી રહી છે. કલકત્તાથી માટી લાવવાનો ખર્ચ અને કારીગરોના પગાર સાથે જ જગ્યાનું ભાડુ પણ મોંઘુ પડતા ભાવો વધ્યા હોવાનું મૂર્તિકારો જણાવી રહ્યા છે.

ગણેશ મહોત્સવને હવે ચાર જ દિવસ બાકી છે ત્યારે ગણેશ મંડળો પણ બાપાને આવકારવાની તૈયારીમાં લાગી ગયા છે. ગણેશ પ્રતિમા સાથે જ ડેકોરેશનના સામાનના વધેલા ભાવને કારણે મંડળોના બજેટ પણ ખોરવાયા છે.

ગાંધીનગરમાં મૂર્તિકારો અંતિમ તબક્કાની તૈયારી કરી ગણેશજીની પ્રતિમા તૈયાર કરી રહ્યા છે. શહેરીજનોમાં બાપાને આવકારવાનો ઉત્સાહ અલગ જોવા મળી રહ્યો છે. ત્યારે સેક્ટર-૪-એ ના વસાહતી કૌશિકભાઈ કનૈયાલાલ દાતણીયા અને અમિત કૌશિકભાઈ સોલંકી શહેરમાં છેલ્લા ૧૦ વર્ષથી ગણેશજીની મૂર્તિઓ બનાવી રહ્યા છે. આ વર્ષે ૧૪૦ થી વધુ ગણેશજીની મૂર્તિઓ બનાવી છે. જેમાં બાલ ગણેશથી લઈ ૩ ફૂટની મૂર્તિઓ બનાવે છે. આ દરેક મૂર્તિઓમાં માટીનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં ઈકો ફ્રેન્ડલી માટી, શાસ માટીનો ઉપયોગ થાય છે. આ માટી મૂળ બંગાળથી આવે છે. શાસ માટીથી બનેલી મૂર્તિઓ વિસર્જન દરમિયાન પાણીમાં માત્ર ૧૦ મિનિટમાં જ ઓગળી જાય છે અને ઈકો ફ્રેન્ડલી માટીથી બનેલી મૂર્તિઓ ૧ કલાકની અંદર ઓગળે છે. બાલ ગણેશની મૂર્તિઓનું વજન ૨ થી અઢી કિલો તથા મોટી મૂર્તિઓ ૧૬૦ કિલો વજનની છે. એક મૂર્તિ બનાવવા પાછળ એક આખો દિવસ લાગે છે. આ મૂર્તિઓને કાચા કલરથી રંગકામ કરીને સુંદર શુશોભન કરવામાં આવેલ છે. આ વર્ષે ગણેશજીની મૂર્તિઓનો ભાવ ૩૦૦ થી ૧૦ હજાર સુધીનો છે. જેમાં વિવિધ પ્રકારના સુંદર ગણેશની મૂર્તિઓ બનાવી છે. જેવી કે, અષ્ટવિનાયક, શિવલિંગવાળા ગણેશ, બાજીરાવ મસ્તાનીવાળા ગણેશ, લાલ બાઘ, શંખવાળા ગણેશ, સાફાવાળા ગણેશ, તિરુપતિ બાલાજી, નટરાજના ગણેશ વગેરેની સુંદર મૂર્તિઓ બનાવી છે. દર વર્ષે જેટલી મૂર્તિઓ વેચાતી નથી તે મૂર્તિઓને બીજા વર્ષે નવું પોલિશિંગ કરીને સુંદર રંગરૂપ આપીને ફરીથી તે મૂર્તિઓ વેચવામાં આવે છે. જેથી વેપારીઓને ખોટ થતી નથી. આ પરિવારના સભ્યો સેક્ટર-૨૧માં દુકાન ધરાવે છે. જેમાં સિઝનલ વ્યવસાય કરવામાં આવે છે.







## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગઇકાલે ટીચર્સ ડે એ, સરને ત્યાં ગયો અને મેં મારી જુના સ્ટુડન્ટ તરીકેની ઓળખાણ આપી... અને પછી સરને બધુ યાદ આવી ગયું તેમાં...

## પાવન પર્યુષણ ચોથો દિવસ

**રાષ્ટ્રસંત આચાર્ય ભગવંતશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ**

### જે આત્મ કલ્પસૂત્ર સાંભળે, તેના મોક્ષના દ્વાર ખૂલી જાય છે

દરેક ધર્મ પોતાની રીતે વ્યક્તિના આત્માના કલ્યાણનો માર્ગ બતાવે છે. જૈન ધર્મ પણ બતાવે છે. જૈન ધર્મ પૃથ્વી, પ્રાણી, અગ્ની, વાયુ, વનસ્પતિના જીવોની પણ રક્ષા અને દયા કરવાનું શીખવે છે.



આનંદની વાત તો એ છે કે, પરમાત્મા મહાવીરે આ સૃષ્ટીના તમામ જીવોની રક્ષા, દયા કરીને પણ કેવી રીતે જિંદગી જીવી શકાય એની થીયેરીકલ અને પ્રેક્ટીકલ જ્ઞાન પણ આપ્યું છે.

જોકે ભગવાને માત્ર ઉચ્ચત્તમ ભૂમિકાના જીવને માટે જ ધર્મમાં બોધ નથી આપ્યો પણ દરેક ભૂમિકાના જીવને અનુલક્ષીને બોધ આપ્યો છે. ભગવાને સાધના કેવી રીતે થાય એ તો શીખવ્યુ. પણ પૈસો કેવી રીતે કમાવાય ? ઘરમાં શાંતિક કેવી રીતે ટકે ? પુત્ર-પુત્રી વશમાં કેવી રીતે રહે ? રાજકારણ કે અર્થશાસ્ત્ર પણ કેવી રીતે ટકાવાય ? એ બધું જ શીખવ્યું, કારણ કે ભગવાન પણ સમજતા હતા કે મોટાભાગના જીવો આ બધું છોડી શકવાના નથી જ, તો પછી આ બધું કરતાં-કરતાં પણ ધર્મ કેવી રીતે થઈ જાય ? અથવા તો આ સંસરની જીંદગીમાં પણ અલ્પ હિંસા કઈ રીતે થઈ શકે ? એનું સરસ માળખું ભગવાને બતાવ્યું. આ રીતે જીવન જીવનારને પૈસાની ખોટ ન પડે એમ નહીં પણ સંતોષ પ્રગટવાના કારણે મળેલા પૈસામાંથી કેવી રીતે નિર્વાહ કરવો તે આવડી જાય. આમ, દરેક બાબતે સમજી શકાય પરમ પવિત્ર જૈન ધર્મગ્રંથ કલ્પસૂત્ર એ વર્તમાનની ત્રસ્ત અને વ્યસ્ત પ્રજા માટે અમૂલ્ય ગ્રંથ છે. જૈન પરંપરાના નિયમાનુસાર સંસારી જીવોને આ ગ્રંથ વાંચવાનો અધિકાર નથી પણ શ્રવણ કરી શકે છે.

આ કલ્પસૂત્રના સમ્યક શ્રવણ અને મનનીય ચિંતન દ્વારા વ્યક્તિ ઘણી બધી વ્યવહારિક મુશ્કેલીઓનો ઉપાય જાણી શકે છે. આમ, બાહ્ય રીતે કલ્પસૂત્રના પ્રારંભમાં જૈન સાધુના દસ કલ્પ અંગેની ભૂમિકા છે. ત્યારબાદ ભગવાન મહાવીર સ્વામીનું ચારિત્ર વિસ્તૃત રૂપે વર્ણવાયુ છે. ત્યારબાદ અન્ય ત્રેવીસ ભગવાન કેટલા સમય પૂર્વે થયા તેની વિગત અને ત્રણ ભગવાનના સંક્ષિપ્ત ચારિત્ર છે. છેલ્લે ભગવાન મહાવીર સ્વામીના અનુયાયી, મુખ્ય જૈનાચાર્યના જીવનની પણ કેટલીક વાતો અને છેલ્લે જૈન સાધુની જીવન ચર્ચા અંગેનું પ્રવચન આપે છે.

## સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દ્વારા એન્વાયરમેન્ટ વર્કશોપ

સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દ્વારા ‘સોલિડ વેસ્ટ મેનેજમેન્ટઃ અ વેય ટુ સસ્ટેનેબલ લાઈફ’ વિષય પર એનવાયરમેન્ટ એન્જિનિયરીંગ ડીપાર્ટમેન્ટ દ્વારા ૨ દિવસીય ઓનલાઈન રાષ્ટ્રીય વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપ આયોજિત કરવામાં આવ્યો હતોઃ ‘સોલિડ વેસ્ટ મેનેજમેન્ટઃ અ વેય ટુ સસ્ટેનેબલ લાઈફ’ જેમાં આશરે ૨૧૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો, લગભગ ૨૫ કોલેજો અને યુનિવર્સિટીઓનો પણ સમાવેશ થાય છે. એક્સપર્ટ ડૉ. શાનથી તુમલા જે પોતે ડેન્ટિસ્ટ હોવા છતાં પણ પર્યાવરણને સોલિડ વેસ્ટ દ્વારા કેમ ઓછું પ્રદૂષિત કરવું અને જીવનમાંથી પ્લાસ્ટિકનો ઉપયોગ કેમ નાબુદ કરવો અને ઘર બધી જ વસ્તુને રિયુઝ, રિસાયકલ કેવી રીતે કરવી એ પોતાના ૧૨ વર્ષના બહોળા અનુભવ દ્વારા જણાવી હતી. આ વર્કશોપના બીજા એક્સપર્ટ મિસ્ટર વાસુકી ઐયંગર જે પોતે આઈટી અને સોફ્ટવેર એન્જીનીયર છે. તેઓએ સોલિડ વેસ્ટને ઘર અને સમાજથી ઓછુ કરવા માટે ગ્રીન બીન્સ અને કોમ્યૂનિટી ડસ્ટબીન દ્વારા જૈવીક ખાતર બનાવુ અને એમાંથી રોજગારી મેળવવી એ સીખવાડ્યુ હતુ.

# પોન્જી સ્કીમ કૌંભાડનો આરોપી મુંબઈ એરપોર્ટથી ઝડપાયા

### આરોપી દુબઈ ભાગી જવાની ફિરાકમાં હતો, ૨૫ થી વધુ વ્યકિતના રૂ.૩.૫૪ કરોડનું ફુલેકુ ફેરવ્યું છે, ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાયો હતો

ગાંધીનગર,તા.૫

એફએકસ બુલ્સ અને એફએક્સ બુલ્સ વેલ્થ મેનેજમેન્ટના નામે મહેસાણા અને ગાંધીનગર સહિત રાજયભરમાં પોન્જી સ્કીમમાં નાગરીકોને કરોડો રૂપીયાનું રોકાણ કરાવી રૂપીયા ચાઉં કરી ફુલેકુ ફેરવનાર કંપનીના ચાર વ્યકિત સામે ગાંધીનગર ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૩.૫૪ કરોડની છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. ત્યારે આ ગુના પૈકીનો એક આરોપી વિદેશી જવાની તૈયારીમાં હતો તે દરમિયાન લુક આઉટ નોટીસના પગલે મુંબઈ એરપોર્ટથી ઝડપાઈ જતા આરોપીને ગાંધીનગર ખાતે લવાયો છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨ ખાતે રહેતા નિતીરાજ પરમાર વર્ષ - ૨૦૧૯માં મહેસાણા ખાતે યોજાયેલા એફએકસ બુલ્સ વેલ્થ મેનેજમેન્ટના સેમીનારમાં ગયા હતા. જયાં કંપનીના પ્રદિપભાઈ સલુભાઈ ચૌધરી(વિસનગર), ઈશ્વરભાઈ મહેન્દ્રભાઈ ચૌધરી,દિક્ષિત કાંતિલાલ મિસ્ત્રી (તિરુપતિ ટાઉનશીપ મહેસાણા) અને ચાંદખેડાના ઉમેશભાઈ કાંતિલાલ મિસ્ત્રી મળ્યા હતા. આ સેમીનારમાં વિવિધ સ્કિમ હેઠળ ઉંચા વ્યાજની આપવાની લોભામણી લાલચો આપતી સ્કિમ બતાવતા હતા. તે સમયે કમિશન અને ફોરેન ટુર ની લાલચમાં બધા આવ્યા હતા. જેથી નિતીરાજ પરમારે કુડાસણ ખાતે આવેલ ઉગતી હાઈટસ એફએકસ બુલ્સની ઓફિસમાં વિવિધ સ્કિમ હેઠળ ૨૫ થી વધુ વ્યકિતના રૂ.૩.૫૪ કરોડ નું રોકાણ કર્યું હતું. પરંતુ સમય પ્રમાણે રૂપીયાનું વળતર મળ્યું ન હતું અને કંપનીના ચારેય શખ્સોએ ઠગાઈ કરી હતી. જેથી નિતીરાજ પરમારે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. આ તપાસમાં આ કૌંભાડ રાજય વ્યાપી હોવાનું સામે આવ્યું હતું અને રાજયના વિવિધ શહેરમાં પણ ઓફિસ ખોલી હતી. ત્યારબાદ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જયારે દિક્ષિત કાંતિલાલ મિસ્ત્રીને કોર્ટ દ્વારા શરતી જામીન પર મુકત કરી અધિકારી પાસે પાસપોર્ટ જમા કરાવવાનો હુમક કર્યો હતો. પરંતુ પાસપાર્ટ જમા કરાવ્યો ન હતો. ત્યારે દિક્ષિત મિસ્ત્રી મુંબઈથી દુબઈ ભાગી જવાની ફિરાકમાં હતો. તે સમયે એરપોર્ટ પર અધિકારીઓએ તેને પકડી પાડ્યો હતો.

## રાંધેજા શાંતિ એસ્સાર પેટ્રોલ પંપ ખાતેથી બાઈકની ચોરી

રાંધેજા ચોકડી પાસે શાંતિ એસ્સાર પેટ્રોલ પંપના કર્મચારીની બાઈકની ચોરી થવા પામી છે. બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા મળી ના આવતા પેથાપુર પોલીસ મથકે રૂ.૨૦ હજારની બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

રાંધેજા લક્ષ્મી નારાયણ સોસાયટી મકાન નં.૨૫-૧૦ ખાતે રહેતા મહેશ ગાંડાભાઈ પટેલ (ઉં.૪૩) રાંધેજા ચોકડી પાસે આવેલ શાંતિ એસ્સાર પેટ્રોલ પંપ ખાતે છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવુ છુ. પરિવારમાં બે દિકરા અને એક દિકરી છે. જયારે નોકરીનો સમય રાત્રી થી સવારના સાડા આઠ વાગ્યાનો છે. નોકરી આવન-જાવન માટે હીરો સ્પ્લેન્ડર બાઈક નં.જી.જે.૧૮.સી.જી.-૧૮૫૭ લઈને ગત તા.૨૯ ઓગસ્ટના રોજ નોકરી પર ગયા હતા. પેટ્રોલ પંપ ખાતે પાર્કિંગમાં બાઈક પાર્ક કર્યું હતું.જયારે રાત્રીના એક વાગ્યા બાદ પેટ્રોલ પંપ ખાતે હાજર ત્રણેય જણા કેબીનમાં સુઈ ગયા હતા. સવારે ૬ વાગે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યાએ બાઈક ન હતું.



એસ.ટી. નિગમમાં કંડકટરની ભરતી થઈ રહી છે તેની પરીક્ષા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, સે-૨૨ ખાતે યોજાઈ હતી. મોટી સંખ્યામાં રોજગાર વાંચ્છુ ઉમેદવારો આ પરીક્ષામાં હાજર રહ્યા હતા.

## વિરાતલાવડી કેનાલ પાસેથી વિદેશી દારુ ભરેલું ડાલું ઝડપાયું

રાયપુર-વિરા તલાવડી નર્મદા કેનાલ બ્રિજ પાસેથી બંધ બોડીના ડાલામાંથી કેરેટની આડમાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો ડભોડા પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે વિદેશી દારુની ૨૪૦ બોટલ, કેરેટ અને ડાલુ મળીને રૂ.૧,૯૬,૭૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ડભોડા પોલીસ મથકના સર્વેલન્સ સ્કવોડના જવાનો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ વિપુલ નાથુસિંહને બાતમી મળી હતી કે રાયપુર નર્મદા કેનાલ થઈ એક મહેન્દ્ર જીટો કંપનીનું બંધ બોડીનું ડાલુ વિદેશી દારુ લઈ પસાર થનાર છે. જેથી પોલીસના જવાનો બાતમીવાળી જગ્યાએ વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે દરમિયાન જીટો બંધ બોડીનું ડાલુ નં. જી.જે.૨૭.વી. ૫૬૩૮ આવતા પોલીસે ઈશારો કરી ઉભુ રખાવતા ડ્રાઈવરે ડાલુ થોડુ આગળ ઉભુ રાખીને ભાગવા લાગતા પોલીસે તેને પકડી પાડ્યો હતો. ડાલામાં ચેક કરતા પ્લાસ્ટીકના કેરેટની આડમાં વિદેશી દારુની ૨૪૦ બોટલ મળી આવી હતી. પોલીસે ચાલકનું નામ પુછતા તેણે અજય ઓમપ્રકાશ હનુમાનપ્રસાદ ચતુર્વેદી (ઉં.૪૨, રહે. મ.નં.૨૦૧ બાપા સિતારામ ફ્લેટ ગોપી ડેરીની બાજુમાં વસ્ત્રાલ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ.૯૬ હજારનો દારુ, એક લાખનું જીટો ડાલુ, અને ૭૫૦ ના ૧૫ નંગ કેરેટ મળી કુલ ૧,૯૬,૭૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



## સેક્ટર-૧૩માંથી ચોરીના બાઈક સાથે ઉભેલા શખ્સને પોલીસે ઝડપી લીધો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ટોરેન્ટ પાવર સબ સ્ટેશન પાસેથી ચોરીના બાઈક સાથે ઉભા રહેલા શખ્સને એલસીબી-૨ પોલીસે પકડી પાડી વાહનચોરીનો ભેદ ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે એક શખ્સ નંબર પ્લેટ વિનાનું શંકાસ્પદ મોટર સાયકલ લઈ સેકટર-૧૩ ટોરેન્ટ પાવર સ્ટેશન નજીક ઉભો છે. જેથી પોલીસે તાત્કાલીક બાતમીવાળી જગ્યા એ પહોંચીને નંબર વિનાના બાઈક સાથે ઉભા રહેલા શખ્સને દબોચી લીધો હતો. પોલીસે યુકિત-પ્રયુકિતથી પુછતાછ કરતા શખ્સ ભાંગી પડ્યો હતો.

ત્યારબાદ શખ્સે જણાવ્યું હતું કે આ બાઈક એક માસ પહેલા સેકટર-૧૩ ટોરેન્ટ પાવર સબ સ્ટેશન નજીક આવેલી ચાની કિટલી પાસે પડી રહેલા બાઈકને ચાવી વડે ચાલુ કરી ફેરવતો હતો. પોલીસે ઈ-ગુજકોપની મદદથી તપાસ કરતા બાઈકનો નં.જી.જે.૨૪.એલ-૭૭૧૮ હોવાનું જાણવા મળ્યું હતું. જયારે બાઈક માલિકનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે આજથી દોઢ માસ અગાઉ મહેસાણા એસટી બસ સ્ટેન્ડ બહાર રાજમહેલ પોલીસ ચોકીની બાજુમાંથી પાર્ક કરેલ બાઈક ચોરી કરી કોઈ લઈ ગયું હતું. આ અંગે મહેસાણા એ ડિવીઝન ખાતે બાઈક ચોરી અંગે જાણ કરી હતી.

## ખૂણેખાંચરેથી

- માહિતી ખાતાની તેમજ સિવિલ ઈજનેરોની ભરતી માટે આજે સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઘણુ ઓછુ જોવા મળ્યુ હતુ.
- ‘વતનપ્રેમ’ યોજના અંગે આજે વિકાસ કમિશનર વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરશે.
- વન વિભાગ દ્વારા ગઈકાલે મોડી સાંજે બદલીના હુકમો જારી કરાયા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિ, ખેતીવાડી ઉત્પાદન સહકાર અને કારોબારી સમિતિની મહત્વની બેઠકો આ સપ્તાહમાં મળશે.
- ‘વતન પ્રેમ’ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૩ જેટલી દરખાસ્તો મળી હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાના વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૩૫૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા જ્યારે શહેરમાં ૨૩૦૦ જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર તાલુકા ભારતીય કિસાન સંઘ દ્વારા આગામી ૮ મીએ ખેડૂતોના પ્રશ્ને ધરણા યોજવાની જાહેરાત સાથે કલેકટર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવશે તેમ જણાવાયુ છે.

## સેકટર-૩ ન્યુ ચોકડી પાસે બાઈક-કાર વચ્ચે અકસ્માત

ગાંધીનગર,તા.૫

શહેરની સેકટર-૧૫ કોમર્સ કોલેજ ખાતે અભ્યાસ કરતો અને સેકટર-૨ સી પ્લોટ નં.૯૬૨-૧ ખાતે રહેતો આનંદ સોલંકી પોતાનું પલ્સર બાઈક નં. જી.જે.૧૮ એ.એસ-૦૦૮૦ લઈને ગ-૧ થી ઘ-૧ તરફ જઈ રહ્યો હતો તે સમયે અચાનક સેકટર-૩ ન્યુ ચોકડી પાસે પહોંચતા એક ગાડી નં. જી.જે.૧૮.બી.એચ.૦૬૦૫ ના ચાલકે ગફલતભરી રીતે હંકારી બાઈકને આગળની બાજુએ ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં આનંદને શરીરે ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે સેકટ-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.